KBD-6426-27-28 Seat No.________

# M.A. (Sem. - III) Examination

## November / December – 2014

## E.C. - 304 : Gujarati

૧. સાહિત્યિક પત્રકારત્વ - (Option-I)

૨. સાહિત્યિક સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ : ગદ્ય નવલકથા-'જીવતર' (યોગેશ જોશી) - (Option-II)

૩. સાહિત્ય સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ : પદ્ય સોનેટ (આપણાં સૉનેટ) - (Option-II)

Time : 3 Hours] [Total Marks : 70

## ૧. સાહિત્યિક પત્રકારત્વ - (Option-I)

સૂચના : દરેક પ્રશ્નનાં ગુણ સરખા છે.

૧. સાહિત્ય અને પત્રકારત્વની સ્પષ્ટતા કરી, સાહિત્યિક પત્રકારત્વની વિભાવનાં વિગતે સમજાવો. ૧૪

અથવા

૧. સાહિત્યિક પત્રકારત્વનું પ્રયોજન સવિસ્તાર જણાવો.

૨. સુધારકયુગનાં સાહિત્યિક પત્રકારત્વ અને સામયિકોની સમીક્ષા કરો. ૧૪

અથવા

૨. નીચેનાં સાહિત્યિક સામયિકોનાં પ્રદાન વિશે નોંધ લખો :

(૧) વસંત

(૨) જ્ઞાનસુધા

૩. અનુગાંધીયુગ તથા આધુનિકયુગનાં સાહિત્યિક પત્રકારત્વ અને સામયિકો વિશે સોદાહરણ ચર્ચા કરો. ૧૪

**અથવા**

૩. નીચેનાં સાહિત્યિક સામયિકોનાં પ્રદાન વિશે નોંધ લખો :

(૧) પ્રસ્થાન

(૨) કૌમુદિ

૪. નીચેનામાંથી કોઈપણ **બે** સાહિત્યિક પત્રકારોનાં પ્રદાનની સમીક્ષા કરો. ૧૪

(૧) મેઘાણી

(૨) નર્મદ

(૩) મુનશી

(૪) ઉમાશંકર જોશી

૫. નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈપણ **સાત** પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો : ૧૪

(૧) દૈનિકો અને સામયિકોનાં મુખ્યભેદ કયા-કયા છે ?

(૨) પંડિતયુગનાં કોઈ પણ બે સામયિકોનાં નામ આપો.

(૩) ગાંધીયુગનાં કોઈ પણ ચાર સામયિકોનાં નામ તંત્રી સાથે જણાવો.

(૪) ફાર્બસ ગુજરાતી ત્રૈમાસિક કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે?

(૫) 'શબ્દસૃષ્ટિ' કઈ સંસ્થાનું મુખપત્ર છે ?

(૬) 'વસંત' સામયિક કોણે અને ક્યારે શરૂ કર્યું હતું ?

(૭) પંડિતયુગનાં કોઈપણ ચાર સામયિકોનાં નામ જણાવો.

(૮) 'ગુજરાતી' સામયિકની શરૂઆત કોણે કરી હતી ?

(૯) 'કુમાર' સામયિકની વિશેષતા કઈ છે ?

(૧૦) 'લોકગુર્જરી' સામયિકની વિશેષતા કઈ છે ? તથા તેનાં સંપાદક કોણ છે ?

(૧૧) સુરેશ જોશીએ કયાં-કયાં સામયિકો ચલાવ્યાં હતાં ?

(૧૨) 'પરબ' કઈ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે ?

## ૨. સાહિત્યિક સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ : ગદ્ય
## નવલકથા-'જીવતર' (યોગશ જોશી) - (Option-II)

**સૂચના :** બધા જ પ્રશ્નોનાં ગુણ સરખા છે.

૧. પદ્ય કરતાં ગદ્ય કઈ રીતે ભિન્ન છે, તે જણાવી ગદ્યની સ્વરૂપગત વિશેષતાઓ સ્પષ્ટ કરો. ૧૪

અથવા

૧. ગુજરાતીનાં પ્રમુખ ગદ્યસ્વરૂપોનાં નામ જણાવી કોઈ બે ગદ્યસ્વરૂપોની વિશેષતાઓ આલેખો.

૨. નવલકથાની **બે** વ્યાખ્યાઓ જણાવી, તેમાંથી પ્રગટ થતી લાક્ષણિકતાઓનો પરિચય કરાવો. ૧૪

અથવા

૨. ટૂંકનોંધ લખો : (૧) નવલકથામાં પાત્રચિત્રણ
(૨) નવલકથાનું કથનકેન્દ્ર.

૩. ગુજરાતી નવલકથા ક્ષેત્રે ઈતિહાસ વિષયવસ્તુ પર લખાયેલી નવલોનું વિહંગાવલોકન આલેખો. ૧૪

અથવા

૩. નવલકથાક્ષેત્રે પ્રદાન મૂલવો : (૧) પન્નાલાલ પટેલ
(૨) રાવજી પટેલ.

૪. 'જીવતર' એ સૂક્ષ્મપ્રણય સાથે ગુંથાયેલી વ્યથાની કથા છે. કૃતિનાં આધારે આ વિધાનની ચર્ચા કરો. ૧૪

અથવા

'જીવતર'માંથી પ્રગટ થતી સર્જકની વિશેષતાઓનો સોદાહરણ ખ્યાલ આપો :

૫. ટૂંકમાં મુદ્દાસર જવાબ લખો : (કોઈ પણ **સાત**) ૧૪

(૧) ગુજરાતીમાં લખાયેલી ચાર લઘુનવલોનાં નામ લખી તેનાં સર્જકનાં નામ જણાવો.

(૨) ગુજરાતી 'ગદ્યનો પિતા' કોણ છે ? તેની બે ગદ્ય કૃતિઓનાં નામ લખો.

(૩) મધ્યકાળની બે ગદ્યકૃતિઓનાં નામ લખી તેના સર્જકો જણાવો.

(૪) 'જીવતર'માં આવતી બોલી કયા પ્રદેશની છે ? તેમાંથી બોલીનાં ચાર શબ્દોનો પરિચય આપો.

(૫) વિવેચન દ્વારા નમૂનેદાર ગદ્ય ખેડનારા ચાર વિવેચકો અને તેમની કૃતિઓનાં નામ જણાવો.

(૬) 'જીવતર'માં પ્રારંભે કઈ ઋતુનો સમય આલેખાયો છે ?

(૭) આધુનિક યુગની ચાર નવલકથાઓ અને તેમનાં સર્જકોનાં નામ જણાવો.

(૮) 'જીવતર'નાં અંતે રેવામાની શું સ્થિતિ છે ? તેમનો ઉદ્‌ગાર શો છે ?

(૯) વર્તમાનનાં જાણીતા ચાર ગદ્યકારોનાં નામ લખો અને તેમની કૃતિઓનાં નામ જણાવો.

(૧૦) સર્જનાત્મક ગદ્ય અને ચિંતનાત્મક ગદ્ય વચ્ચે બે ભિન્નતાઓ જણાવો.

## ૩. સાહિત્ય સ્વરૂપનો કૃતિલક્ષી અભ્યાસ : પદ્ય સોનેટ (આપણાં સૉનેટ) - (Option-II)

**સૂચના :** દરેક પ્રશ્નનાં ગુણ સરખા છે.

૧. કવિતાની વિભાવનાં જણાવી તેનાં ઘટકતત્ત્વોની ચર્ચા કરો.

અથવા

૧. ઊર્મિકવિતા, ખંડકાવ્ય, ગઝલ વિશે સ્વરૂપગત ચર્ચા કરો.

૨. સૉનેટ સાહિત્ય સ્વરૂપની સ્વરૂપગત લાક્ષણિકતાઓ જણાવો.

અથવા

૨. સૉનેટ સાહિત્ય સ્વરૂપનાં બહિરંગ અને અંતરંગ લક્ષણો વિગતે ચર્ચો.

૩. ગુજરાતી સાહિત્યમાં સૉનેટનો વિકાસ ઉદાહરણ સહિત આલેખો.

અથવા

૩. નીચેનામાંથી ગમે તે **બે** સર્જકોનું સૉનેટક્ષેત્રે પ્રદાન મૂલવો :

(૧) બ.ક. ઠાકોર

(૨) સુંદરમ્

(૩) રાજેન્દ્ર શાહ

(૪) ઉશનસ્

૪. 'આપણાં સૉનેટ'માં અભ્યાસક્રમમાં રહેલાં સૉનેટોનું સ્વરૂપલક્ષી મૂલ્યાંકન કરો.

અથવા

૪. કોઈ **એક** સૉનેટની સમીક્ષા કરો :

(૧) 'ઉપહાર'

(૨) 'રહ્યાં વર્ષો તેમાં'

(૩) 'આધુનિક અરણ્ય'

૫. નીચે આપેલા પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો : (કોઈપણ **સાત**)

(૧) 'સૉનેટ' શબ્દનાં પર્યાયો આપો.

(૨) 'સૉનેટ'નાં પ્રકારો કેટલાં છે ? કયા-કયા ?

(૩) 'સૉનેટ'ને અંતે ચોટ આવે છે સમજાવો.

(૪) ઉમાશંકરનાં ચાર સૉનેટોનાં નામ લખો.

(૫) ગાંધીયુગનાં ચાર સૉનેટ સર્જકો જણાવો.

(૬) 'આધુનકિ અરણ્ય' એ સૉનેટનાં સર્જક કોણ છે અને એ સૉનેટ કયા સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?

(૭) સૉનેટમાં પંક્તિસંખ્યા સમજાવો.

(૮) 'ભણકારા'માં પ્રકૃતિનું નિરૂપણ.

(૯) 'ઉપડી ડમણી'માં ગ્રામ્ય પરિવેશ.

(૧૦) વિનોદ જોશી અને વિનાયક રાવલનાં સૉનેટ વિષયક પુસ્તકનાં નામ આપો.

(૧૧) ''ફર્યો તારી સાથે, પ્રિયતમ સખે ! સૌમ્ય વચનાં'' – આ પંક્તિનો છંદ કયો છે અને તે છંદનું બંધારણ જણાવો.

(૧૨) 'હે શબ્દ !' માં કવિએ પ્રયોજાયેલાં રૂપકો.

---